સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251



## સલામી સવારની..

ઉડ્યા પ્હેલાં જ મોટી ગૂંલાટો મારે છે રફાલ,
ડૂબતા અંબાણીનું ઋણ દૈ, તારે છે રફાલ!
કરે બચાવ નેતા સેનાની ઢાલના સહારે -
કુખ્યાત થઈ, સંસદે આંસુ, સારે છે રફાલ!

### હાઈકુ

ફસાઈ જાય,
'કમીશન'ની જાળે -
મોટા મગર...

ઠૂંઠવે સૌને
'વેવ' ના પવનમાં
માંદા 'અનિલ'

### ચિંતન

*યા મેધાં દેવગણાઃ પિતરશ્ચો પાસ્તે ।*
*તયા મમદ્ય મેઘયાઽગ્ને મેધાવિનં કુરુ સ્વાહા ॥*

ઉપરોક્ત શ્લોક યજુર્વેદ માંથી લેવામાં આવેલ છે.

હે ઈશ્વર ! વિદ્વાન, તત્તવદર્શી તથા આત્મજ્ઞાની પુરુષો જે મેધાવી બુદ્ધિ દ્વારા સંસારમાં શ્રેષ્ઠ કર્મો કરે છે તેવી મેધાવી બુદ્ધિ અમને પણ આપો.

સામાન્ય રીતે મગજમાં રહેલી શક્તિને જ બુદ્ધિ કહેવામાં આવે છે. જેનું મગજ વધારે બળવાન છે, વધારે સૂક્ષ્મ છે અને વધારે સ્ફૂર્તિવાન છે તેને બુદ્ધિમાન કહેવામાં આવે છે, અને આ વ્યાખ્યા ખૂબ અધૂરી છે. કેટલાય લોકો ખૂબ જ ચાલાક અને કપટી હોય છે. તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ બદમાશી, વિશ્વાસઘાત અને દગાબાજી માટે કરતા હોય છે. આવી બુદ્ધિ સાવ નકામી છે. તે તો બજારમાંથી ખરીદીને પણ મેળવી શકાય છે. શું આવી બુદ્ધિ માગવા માટે આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ ?

આપણે પરમ પરમપિતા પરમેશ્વર પાસે એવી બુદ્ધિ માગવી જોઈએ કે જે શુદ્ધ અને પવિત્ર હોય આપણને દુર્ભાવનાઓથી મુક્ત કરી, કુમાર્ગથી બચાવી ને સન્માર્ગ પર લઈ જાય. એવી બુદ્ધિને જ મેધા કહેવામાં આવે છે. મેધા બુદ્ધિ જ આત્મબળને વધારે છે.

### સુવિચાર

- કિસી કો પુરખોં કી જમીન બેચ કરભી ચૈન નહીં...
  ઔર કોઈ ગુબ્બારે બેચ કર સો ગયા સુકૂન સે... - **રાજ સિન્હા**
- આપણી જરૂરિયાતો જેટલી ઓછી થતી જાય એટલા
  આપણે ઈશ્વરની વધુ નજીક જઈએ છીએ - **સોક્રેટિસ**
- લક્ષ્મી મળ્યા પછી પણ જો તેની વૃદ્ધિ ન કરો તો સુખી થતું નથી કારણ કે
  બિયારણ જ ખાનારનો વિકાસ શક્ય નથી - **નીતિશાસ્ત્ર**
- મહત્ત્વની વાત ઈતિહાસ રચવો છે, નહીં કે ઈતિહાસ લખવો - **બિસ્માર્ક**
- મેં સચ્ચાઈના રસ્તા પર ચાલવાવાળાને કયારેય ભટકાયા નથી જોયા કારણ કે
  તેમના માર્ગદર્શક ઈશ્વર બને છે - **શેખ સાદી**
- મારી એક વાત યાદ રાખજો જયાં સુધી તમારો પુણ્યોદય છે, કોઈ તોફાન તમારો તંબુ ઉખાડી શકતું નથી
  અને પાયોદય હોય તો કોઈ તમારો તંબુ નાખી નથી શકતા - **તરૂણસાગરજી**
- આજનું ઔષધ : પચાસ ગ્રામ તલ પીસી તેમાં ગોળ મેળવીને ખાવાથી કબજિયાત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આચાર્યા વિનોબા ભાવે પદયાત્રા કરતા અજમેર પહોંચ્યા ત્યાં એક અમેરિકન. તેમની સાથે પદયાત્રામાં જોડાયા. તેણે દુનિયામાં અહિંસા અને શાંતિ સ્થાપવાના ઉપાયોની ચર્ચા વિનોબા જોડે કરી. અમેરિકને વિદાય લેતી વખતે વિનોબાને પૂછ્યું, 'હું આપની સાથે રહીને ઘણું બધું શીખ્યો છે, મારા દેશ વાસીઓને માટે આપ કોઈ સંદેશો આપો.' જેથી તેમની બેચેની ઓછી થાય અને તેઓ પણ શાંતિનું જીવન જીવી શકે.' વિનોબાએ જવાબમાં કહ્યું, 'હું તો એક સામાન્ય માનવ છું. હું તમારા દેશનું શું સંદેશો આપી શકું, વળી આપનો દેશ તો સમૃદ્ધ અને શક્તિશાળી છે. આમ છતાં તમારા દેશવાસીઓને કહેજો કે કારખાનામાં વર્ષના ત્રણ સો પાંસઠ દિવસ કામ કરીને હથિયારો ન બનાવે. કામ વગર બેરોજગારી ફેલાશે પણ આ હથિયારો વર્ષને અંતે દરિયામાં ફેંકી દે.' અમેરિકને કહ્યું, 'આપલી મહેનતથી બનાવેલા કિંમતી હથિયારો દરિયામાં ફેંકવાનો સંદેશો આપવાનો ?' વિનોબાએ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'હથિયારો બનાવવા જો મજબૂરી હોય તો કમસે કમ તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ હોવો જોઈએ. તમારા દેશના હથિયારો આખી દુનિયાના દેશો ખરીદે છે. ત્યાં અશાંતિ ફેલાવનારની માનસિકતા મજબૂત થાય છે. તો દુનિયામાં અશાંતિ ફેલાવીને તમે અમેરિકનો ખુદ કઈ રીતે શાંતિ મેળવી શકશો?'

અમેરિકનને અહિંસાનો વાસ્તવિક મર્મ સમજાયો.

# નેતાજીની શુભેચ્છાના રાજકીય સંકેત

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશના 'નેતાજી' તરીકે ઓળખાતા મુલાયમસિંહ યાદવનો પણ કયારેક એક જમાનો હતો. દેશના સૌથી મોટા રાજયનું વારંવાર સુકાન સંભાળી ચૂકેલા આ જાતિવાદી નેતા પોતાને રામ મનોહર લોહિયાના શિષ્ય અને ચૌધરી ચરણસિંહના રાજકીય વારસદાર તરીકે ઓળખાવતા રહ્યા છે. યાદવ રાજનીતિના ભીષ્મ પિતામહનું આખું કુટુંબ રાજકારણમાં છે અને એટલું ઓછું હોય એમ એમણે બિહારના યાદવ નેતા લાલુપ્રસાદ સાથે વેવાઈવડો બાંધ્યો છે. ખાટલે ખોડ એ કે સમાજવાદી પાર્ટીના આ ફાદર ફિગરનું છેલ્લા ઘણા વખતથી પોતાના ઘરમાં જ ઊપજતું નથી. નાના ભાઈ શિવપાલ અને પુત્ર અખિલેશ વચ્ચે બાપે માર્યા વેર બંધાયાં છે. અખિલેશે વૃદ્ધ પિતાને બાજુએ ધકેલી મોગલ પરંપરા મુજબ પાર્ટીની ગાદી આંચકી લીધી છે. શિવપાલ પોતાને મુલાયમના સાચા રાજકીય વારસદાર માનતા હતા પરંતુ મુલાયમ એમને 'ન્યાય' ન અપાવી શક્યા એટલે એમને નવો ચોકો માંડવો પડ્યો છે. અખિલેશ યુવાન છે, લાંબી રેસનો ઘોડો છે. એને આધુનિક જમાનાનું રાજકારણ રમવું છે. એની પાસે એક ઈજનેર અને ટેકનોક્રેટનું ભેજું છે. એથી જૂની પેઢી સાથે મગજમારી કર્યા વગર કે જૂનાં વેર સાચવવાને બદલે એ માયાવતી સાથે આગામી લોકસભાની ચૂંટણીમાં સીટ શેરિંગ કરી શકે છે. સપા-બસપાની સંયુક્ત તાકાત મુખ્યમંત્રી અને અખિલ ભારતીય હિંદુત્વ ઝંડાધારી યોગી આદિત્યનાથની જ બેઠક જીતી શકે છે તે અખિલેશે સાબિત કરી દીધું છે. મહાગઠબંધનની પ્રસૂતિ પીડા વચ્ચે પરિવારના વડાએ અજાણતાં કે હેતુ પુરઃસર જે ભાંગરો વાટ્યો છે એમાંથી ર્સતો કાઢવાનો પ્રયાસ પણ અખિલેશ કરશે અને ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી પૂર્વે જ આવું ગઠબંધન આકાર લઈ લે એવી મમતા દીદીની મહેચ્છા પૂરી કરવા જરૂર પડ્યે પોતાના રાજકીય ભવિષ્યને પણ દાવ પર મૂકતાં નહીં અચકાય તે નક્કી છે. વયોવૃદ્ધ સમાજવાદી નેતાએ લોકસભાની વિદાયવેળાની શુભેચ્છા સ્પીચમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ભરપેટ વખાણ કર્યા અને એમને ફરી વડાપ્રધાન બનવા માટેની શુભેચ્છા પાઠવી. જો કે ગૃહના તમામ સભ્યો ફરી ચૂંટાઈ આવે એવી શુભેકામના પણ પાઠવી એટલે એવાં અર્થઘટન પણ થઈ રહ્યા છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીના ભાથામાં અજાણતાં જ એક ઉપયોગી તીર જરૂર આવી ગયું છે. ભારતીય જનતા પાર્ટીને ઉત્તરપ્રદેશમાં નામશેષ કરી મૂકવાના પુત્ર અખિલેશના પુરુષાર્થને એથી કેટલું નુકશાન થશે એ તો ચૂંટણી પરિણામો જ કહેશે, પરંતુ આજની તારીખમાં મહાગઠબંધનને આશીર્વાદની જરૂર હતી ત્યાં ડોસાજી કંઈક જુદું જ ભરડી આવ્યા. મમતા બેનર્જી, શરદ પવાર અને અરવિંદ કેજરીવાલ રાહુલ ગાંધી સાથે બેસી કોંગ્રેસ સાથે ગઠબંધન ફોર્મ્યુલા તૈયાર કરી રહ્યા હોય અને અખિલેશ સાથે સીધી ચર્ચા કરી પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશમાં ભાજપ વિરોધી મતોનું ધ્રુવીકરણ કરી શકાય એ માટે કોંગ્રેસને સપા-બસપાના સીમિત જોડાણમાં સામેલ કરવા માંગતા હોય ત્યારે મુલાયમસિંહે મોદીને ઉમળકાભેર ફરી વડાપ્રધાન બનીને આવવાના આશીર્વાદ કેમ આપવા પડ્યા તે સંશોધનનો વિષય છે. મુલાયમે જો કે ૨૦૧૪ની વિદાય સ્પીચમાં તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહને પણ આવી જ શુભેચ્છાઓ આપી હતી જે ફળી નહોતી. પરંતુ મુલાયમનું મગજ બગડી ગયું છે એવી દલીલ કરતાં તેઓ સીબીઆઈથી હરહંમેશ ડરતા રહ્યા છે એવું અર્થઘટન વધુ વાસ્તવિક લાગશે. અગાઉ પર કેન્દ્ર સરકાર જયારે પણ આકરું વલણ અપનાવી ત્યારે ધીમે રહીને એના ખોળામાં બેસી જઈ સીબીઆઈના ડાઘિયાઓથી બચતા રહ્યા છે. છેલ્લે મમતા વિરુદ્ધ અને કોંગ્રેસના જમાઈરાજ તેમજ ચિદંબરમ્ જેવા વરિષ્ઠ નેતા વિરુદ્ધ સીબીઆઈ સહિતની તપાસ એજન્સીઓની ધોંસ વધી છે ત્યારે વૃદ્ધ સમાજવાદી નેતાને એમની ફાઈલો બતાવીને વિચક્ષણ વડાપ્રધાને આવાં સ્વસ્તિવચન બોલવા મજબૂર કર્યા હોય તોય કોને ખબર !

# ચાલો, ગુજરાતી ભાષાની ખબર કાઢવા!

રંગ-ઉમંગ
કાનન ઓઝા



'આજે સાંજે અમે ગુજરાતી ભાષાની ખબર કાઢવા જવાના છીએ. તમે આવશો ને?'

'કેમ વળી, અચાનક જ, ગુજરાતી ભાષાને શું થઈ ગયું ?'

'તમને નથી ખબર ? ગુજરાતી ભાષા તો મરવા પડી છે ને એકદમ સિરિયસ છે.'

'એમ ? મને ખબર ના પડી ! તમે મને આટલા દિવસ સુધી કહ્યું કેમ નહીં ? હવે જયારે મરવાની અણી પર આવી ગઈ ત્યારે એની ખબર કાઢવાનું સૂઝ્યું ? આપણે આટલા મોડાં ખબર કાઢવા જઈશું તો કેવું લાગશે ?' 'ના ના એવું નથી. બધાને પણ હમણાં જ મોડા મોડા સમાચાર મળ્યા છે રોજ રોજ બધાં એની ખબર કાઢવા ટોળ વળીને જઈ રહ્યા છે. તો મને લાગ્યું કે ચાલો આપણે પણ જઈ આવીયે.'

'કઈ હોસ્પિટલમાં છે?'

'લગભગ સરકારી હોસ્પિટલમાં જ છે.'

'મરવાની અણી પણ આવી ગઈ છે. એટલે મને લાગે છે કે આઈ.સી.યુ. માં હશે.' 'ના, ના કોઈ કે તું'તું કે એને તો જનરલ વોર્ડમાં જ રાખી છે. બધા મળવા જઈ શકેને ?'

પણ જનરલ વોર્ડમાં સારવાર તો કેવી હોય? 'તે એને કયાં વધારે સારવારની જરૂર પણ છે?' એને તો બધાં એને જોવા જાય ને મળવા જાય તેમાં જ બધું મળી જાય એમ છે. ડૉકટરનું કહેવું એવું છે કે, જો બધી એને મળતા રહેશે તો થોડા દિવસમાં પાછી બેઠી થઈ જશે. નવાઈની વાત કહેવાય જ નહીં. હોસ્પિટલમાં તો વધારે લોકોને મળવાની ડૉકટર કાયમ ના કહેતા હોય છે. પેશન્ટ માંદી પડી જાય ! પણ આ તો ઉલ્ટી ગંગા છે !

જેમ ખબર કાઢવાવાળા વધારે જાય તેમ પેશન્ટ વહેલા સારા થાય!'

'ખબર કાઢવા જઈએ છીએ તો કંઈ ફ્રુટ કે એવું કંઈ લઈ જઈ પડશે ને ?'

'અરે, ના ના એને એવી બધી કોઈ જરૂર નથી. ઘણી સાદી છે એ તો, મલવા જઈશું તેમાં જ ખુશ થઈ જશે જોજો ને.'

'તમે તો એને બહુ સારી રીતે ઓળખતાં હો એમ વાત કરો છો.'

'લો... ઓળખું કેમ નહીં.' મારા ગામની જ છે. હું બહુ જ નાની હતી. ત્યારથી એને ઓળખું છું. સ્વભાવે એકદમ સરળ અને મતળાવડી. બધાંમાં ભળી જાય ને પોતાનામાં સહેલાઈથી બધાને સમાવી લે તેવી !

એનાં કઈ સગાંવહાલાં નથી?

'છે... ને અરે એના કાકા - મામા - માસીની દીકરીઓ જ કેટલી બધી છે! ગણનારાઓ તો પાછો પાર નહીં. દેશ-વિદેશમાં એને માનવાવાળા કેટલાય પડ્યા છે. એમ તો એનો વટ ભારે છે માનપાન પણ બહું જ મળ્યા છે. અચાનક શું થઈ ગયું. ખબર નહીં. તે સીધી હોસ્પિટલમાં જ દાખલ કરવી પડી. ને વાત ફેલાઈ ગઈ કે મરવા પડી! મને ચિંતા થઈ એટલે એની ખબર કાઢવા જવાનું નક્કી કર્યું. તમને પણ એના માટે લાગણી છે. મને થયું કે, તમનો પૂછી જોઉં ચાલો આવવું હોય તો ?'

'હા હા ચાલો હું પણ આવું જ છું. ગુજરાતી ભાષા પ્રત્યે લાગણી તો મને પણ તમારા જેટલી જ છે. પણ શું થાય કે આજકાલ બધે કરવામાં ને મોબાઈલમાં ને પરચુરણ પંચાતમાં મારાથી અને જરા સાઈડ પર મુકાઈ ગયેલી. વચ્ચે વચ્ચે જો કે, ઘણી વાર યાદ આવતી ત્યારે થતું કે, એ કેમ હશે?' મજામાં તો હશો ને ? એકલી તો નહીં પડી ગઈ હોય ને ? થોડી વાર ચિંતા થતી, વળી કામમાં ભૂલાઈ જતુ. આ તો સારું થયું કે, તમે મળી ગયા. એ બહાને એને મળી લઈશ. બહુ વખત મને જોઈને એને આનંદ જ થશે.

તમારા બાળકોને પણ સાથે લઈ લો ને !

એ બહાને એમને ફરવાનું અને મળશે ને માતૃભાષા ને મળવાથી કેટલો આનંદ મળે તે પણ જોવા મળશે. ગુજરાતી તો બાળકોને જોઈને ખુશ ખુશ થઈ જશે. માનાં બાળકોને પણ સંગાથ મળશે.

'અરે તમે કે'તા હો તો વારાફરથી ઘરનાં બધાંને ગુજરાતીને મળવા મોકલી આપીશ. પણ એ તો કહો કયા ડૉકટરની સારાવાર ચાલે છે ? કોઈ સારા ડૉકટરને બતાવ્યું કે પછી જનરલ વોર્ડને સરકારી હોસ્પિટલ, એટલે ન મરતી હોય તો મરી જાય. એવું તો નથી ને.

ના ભાઈ, ના મેં તો પહેલાં જ કહ્યું કે, સરકારીમાં રહે કે જનરલમાં એને તો લોકોનો પ્રેમ જોઈએ છે. લોકો એને યાદ રાખે ભૂલી ન થાય, બસ આટલું જ ઈચ્ચે છે બીજું કંઈ નહીં.

હોસ્પિટલ તરફ રસ્તે જતા જોયું તો, હોસ્પિટલની આજુબાજુના રસ્તા લાંબી લાઈનો લાગેલી હતી. હોસ્પિટલનું કંપાઉન્ડ ગુજરાતી ભાષાની ખબર કાઢવા જનારાઓથી ખીચોખીચ ભરેલું શહેરમાં તો જયાં ને ત્યાં ગુજરાતી ભાષાની તબિયતની ચર્ચા ને બોલબાલા ! આટલો પ્રેમ અને આદર મેળવનારી 'ગુજરાતી ભાષા' શી રીતે મરી શકે.

# ઓર્નીયોલોજી વિજ્ઞાનશાખા કોને સંબંધિત છે?

ખજાનો
અનિલ પટેલ



## વિજ્ઞાન જગત

૧ અવાજની તીવ્રતા માપવાનો એકમ શું છે ?
(અ) લક્સ (બ) ડેસીબલ
(ક) એમ્પીયર (ડ) વોલ્ટ

૨ લક્સ એકમ શું માપવા વપરાય છે ?
(અ) ધ્વનીની તીવ્રતા (બ) દરિયાની ઊંડાઈ
(ક) ભૂકંપની તીવ્રતા (ડ) પ્રકાશની ઉજાસતા

૩ કેલ્સીફેરોલ એ કયા વિટામીનનું રાસાયણીસ નામ છે ?
(અ) વિટામીન ડી (બ) વિટામીન એ
(ક) વિટામીન બી (ડ) વિટામીન સી

૪ માનવ લાળમાં કયો એન્જાઈન (રસાયણ) હોય છે?
(અ) ગ્લુકોઝ (બ) થાયરીન
(ક) ટાયલિન (ડ) બ્યુટામીન

૫ ઝામરનો રોગ કયા અંગને પ્રભાવિત કરે છે?
(અ) ત્વચા (બ) આંખ
(ક) કાન (ડ) નાક

૬ ઓર્નીયોલોજી વિજ્ઞાનશાખા કોને સંબંધિત છે?
(અ) ભૂ વિજ્ઞાન (બ) અળશીયા શાસ્ત્ર
(ક) વનસ્પતિ શાસ્ત્ર (ડ) પક્ષી વિજ્ઞાન

૭ ઈન્સ્યુલીનની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી?
(અ) કેલ્વિન (બ) બેટિંગ
(ક) હોટેશ શોર્ટ (ડ) રોબર્ટ લોઈલ

૮ કમળાની રોગની અસર સૌથી વધુ કયા અવયવને થાય છે ?
(અ) ફેફસાં (બ) જઠર
(ક) યકૃત (ડ) કીડની

૯ પૃથ્વી બધી વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે તેવું સૌ પ્રથમ કોણે જણાવ્યું હતું ?
(અ) આર્યભટ્ટ (બ) ભાસ્કરાચાર્યે
(ક) કણાદે (ડ) વરાહ - મીહીરે

૧૦ કોપર અને ટીનમાંથી કઈ ધાતુ બને છે ?
(અ) પિત્તળ (બ) કાંસુ
(ક) જર્મેનિયમ (ડ) સ્ટીલ

૧૧ એક હોર્સ પાવર બરાબર કેટલા વૉટ ?
(અ) ૪૬૦ વૉટ (બ) ૭૪૬ વૉટ
(ક) ૧૦૦૦ વૉટ (ડ) ૫૫૦ વૉટ

૧૨ ગેસ વેલ્ડીંગમાં કયા વાયુનો ઉપયોગ થાય છે ?
(અ) બ્યુટેન (બ) મિથેન
(ક) એસીટીલીન (ડ) પ્રોપેન

૧૩ નીચેનામાંથી કયો વાયુ ગ્રીન હાઉસ ગેસ નથી ?
(અ) કાર્બન ડાયોકસાઈડ (બ) ક્લોરીન
(ક) મિથેન (ડ) ઓક્સીજન

૧૪ રાસાયણિક દષ્ટિએ હીરોએ શું છે ?
(અ) સોડિયમ કલોરાઈડ (બ) શુદ્ધ કાર્બન
(ક) સીલીકોન (ડ) કેલ્શિયમ કલોરાઈડ

૧૫ સર વિલિયમ હર્શેલે કયા ગ્રહની શોધ કરી હતી ?
(અ) યુરેશન (બ) પ્લુટો
(ક) નેપ્ચ્યુન (ડ) વિનસ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૫ ફેબ્રુઆરી :**
  - કથાકાર ડાંગરેજી મહારાજનો જન્મ દિવસ (૧૯૨૬)
  - અમેરિકાએ કૃત્રિમ રેસા 'નાયલોન'ની પેટન્ટ મેળવી (૧૯૩૭)
  - ખગોળશાસ્ત્રી ગેલેલીયોનો જન્મ દિવસ (૧૫૬૪)
  - દાદા સાહેબ ફાળકેનું અવસાન (૧૯૪૪)
- **૧૬ ફેબ્રુઆરી :**
  - હેન્રી એડમ્સ (યુ.એસ.) ની જન્મજયંતિ (૧૮૩૮)
  - પુષ્કર ચંદરવાકરની જન્મજયંતિ (૧૯૨૨)
  - ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા યુ.એન. ના સભ્ય દેશોએ કયોટો પ્રોટોકોલનો સ્વીકાર કર્યો. (૧૯૭૭)
  - ગુલામ મહંમદ શેખની જન્મજયંતિ (૧૯૩૭)
- **૧૭ ફેબ્રુઆરી :**
  - ભારતીય દાર્શનિક જે કૃષ્ણમૂર્તિનનું નિધન (૧૯૮૬)
  - બ્રિટેન દક્ષિણ અમેરિકાની સ્વતત્રતાને માન્યતા આપી (૧૮૫૪)
  - સાન ફ્રાન્સિસ્કોમાં દુનિયાનું પહેલું ટેલીફોન એકસચેન્જ ચાલુ થયું (૧૮૭૮)
  - અમેરિક મોડલ એક્ટ્રેસ અને સિંગર પેરિસ હિલ્ટનનો જન્મ દિવસ (૧૯૮૧)
- **૧૮ ફેબ્રુઆરી :**
  - સ્વામી રામકૃષ્ણ પરમહંસનો જન્મદિવસ (૧૮૩૬)
  - વનસ્પતિ શાસ્ત્રના મહાન વૈજ્ઞાનિક જમશેદજી ચિનોયનો જન્મદિવસ (૧૯૦૯)
  - સમાજ સુધારક ચૈતન્ય મહાપ્રભુજીનો જન્મદિવસ
  - અમેરીકન ખગોળશાસ્ત્રી કલાઈવ ટોમબોધે 'પ્લુટો' ગ્રહની શોધ કરી. (૧૯૩૦)
- **૧૯ ફેબ્રુઆરી :**
  - 'મહારાષ્ટ્રનુ રત્ન' એવા ગોપાલકૃષ્ણ ગોખલેનું નિધન (૧૯૧૫)
  - થોમસ આલ્વા એડીસને ગ્રામોફોનની પેટન્ટ કરાવી (૧૪૭૩)
  - જાણીતા પત્રકાર ભૂપન વડોદરિયાનો જન્મદિવસ (૧૯૨૯)
  - ખગોળશાસ્ત્રી નિકોલસ કોપરનીક્સ (પોલેન્ડ)ની જન્મજયંતિ (૧૪૭૩)
- **૨૦ ફેબ્રુઆરી :**
  - કયુબામાં ક્રાંતિ શરૂ થઈ (૧૮૯૫)
  - કેલિફોર્નિયા યુનિવર્સિટીએ પ્રથમ તબીબી કૉલેજ શરૂ કરી (૧૮૭૩)
  - મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ ૨૩ અને ૨૪મા રાજયો બન્યા (૧૯૮૭)
  - વિશ્વનું પહેલું સ્પેશ સ્ટેશન રશિયાનું 'મીર' લોન્ચ કરવામાં આવ્યું.
- **૨૧ ફેબ્રુઆરી :**
  - મૌલાના અબ્દુલ કલામ આઝાદનું નિધન (૧૯૮૫)
  - ભારતીય વૈજ્ઞાનિક શાંતિસ્વરુપ ભટનાગરનો જન્મદિવસ (૧૮૯૫)
  - વિશ્વ માતૃભાષા દિવસ : બંગાળી ભાષાને સત્તાવાર માન્યતા આપવા વહોરેલી શહાદતની યાદમાં ઉજવાતો દિવસ (૧૯૯૯થી)
  - હિન્દી ફિલ્મના ચરિત્ર અભિનેતા ઓમપ્રકાશનું નિધન (૧૯૯૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભારતીય વૈજ્ઞાનિક સી.વી. રામનને કઈ સાલમાં નોબલ પારિતોષિક મળ્યું હતું ? જવાબ : ઈ.સ. ૧૯૩૦**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) આકાશ જી પટેલ : સે-૨૩ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૪) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૫) ઋજિત એમ. રાવલ : સે-૭ડ (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તૃણમૂલ કોંગ્રેસના કયા સંસદ સભ્ય અને જાણીતા નેતા ભાજપમાં જોડાયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શત્રુઘ્ન - નાનો પણ રાઈનો દાણો !

અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા





અયોધ્યા નરેશ દશરથ અપુત્ર હતા. પુત્રની કામનાથી એમને જમાઈ ઋષ્યશૃંગ પાસે યજ્ઞ કરાવ્યો. યજ્ઞનો પ્રસાદ એમણે રાણી કૌશલ્યા એન કૈંકેયીને આપ્યો. ત્રીજી રાણી સુમિત્રાને પ્રસાદની માગણી કરી. રાજાના કહેવાથી, બંને રાણીઓએ પ્રસાદના અંશ સુમિત્રાને આપ્યા. કૌશલ્યાથી રામ, કૈંકેયીથી ભરત અને સુમિત્રાથી લક્ષ્મણ-શત્રુઘ્ન જન્મ્યા. જન્મનો ક્રમ આ રીતે હતો. રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન. આમ શત્રુઘ્ન સૌથી નાનો હતો.

મિથિલામાં બે ભાઈઓ હતા - સિરધ્વજ જનક અને કસધ્વજ જનક, સિરધ્વજની બે કન્યાઓ સીતા અને ઊર્મિલા અનુક્રમે રામ અને લક્ષ્મણને વરી, એ રીતે કુશવધ્વજની માંડવી અને શ્રુતકીર્તિ. ભરત અને શત્રુઘ્નને વરી. શ્રુતકીર્તિ શત્રુઘ્નની પત્ની થઈ.

જેવી સ્વાભાવિક પ્રીતિ લક્ષ્મણને રામ માટે હતી. એવી પ્રીતિ શત્રુઘ્નને ભરત માટે હતી. ભરત એના મામા રાજ યુધાજિત પાસે મોસાળ જતો હતો; તો શત્રુઘ્ન પણ એની સાથે ભરતને મોસાળ ગયો.

બંને ભાઈઓને અયોધ્યાથી તેડું આવ્યું એટલે તેઓ અયોધ્યા આવ્યા. એમને ખબર પડી 'કૈંકેયીના પ્રસ્તાવને કારણે રામની જગ્યાએ ભરતનો અભિષેક થાય અને રામ વનગમ કરે. આ માટે દાસી મંથરાએ રાણીને ઉશ્કેરી હતી.' શત્રુઘ્નનો ગુસ્સો ભારે. અને ખબર પડી - 'મંથરા અંતઃપુરને બારણે સજીધજીને ઊભી છે.' શત્રુઘ્ન ત્યાં પહોંચી ગયો. એને વાળ પકડીને ખેંચવા લાગ્યો. મંથરા મુર્છિત થઈ ગઈ. એની સખીઓ કૌશલ્યા પાસે ભાગી ગઈ. કૈંકેયીએ શત્રુઘ્નને વાર્યો. એણે કૈંકેયીને ઠપકો આપ્યો. અંતે ભરતે એને સમજાવ્યો - 'સ્ત્રી કાયમને માટે અવધ્ય જ છે. રામને નહિ ગમે. એ મારી સાથે પણ નહિ બોલે.' હવે શત્રુઘ્ન માની ગયો.

ભરતની સાથે એ ચિત્રકૂટમાં રામને મળવા ગયો. રામે પ્રેમભરી સલાહ આપી. 'તને મારા અને સીતાના સોગંધ છે. માતા કૈંકેયીનું ધ્યાન રાખજે. એના માટે કયારેય ગુસ્સે ન થતો.'

રામ પાછા ફર્યા ત્યાં સુધી શત્રુઘ્નને અયોધ્યાને સાચવી. રામ પાછા ફર્યા ત્યારે નગરીને નવવધૂના જેવી શણગારી મૂકી.

મધુપુરી - મથુરામાં લણવાસુરનો ક્ષાસ હતો. રામની આજ્ઞા મેળવીને શત્રુઘ્નને યુદ્ધ પ્રસ્થાન કર્યું. માર્ગમાં મહર્ષિ વાલ્મિકીના આશ્રમમાં રાતવાસો કર્યો. ત્યાં એને સારા સમાચાર મળ્યા - 'સીતાને જોડિયા પુત્ર જન્મ્યા છે.'

બીજો પડાવ એણે ઋષિ ચ્યવનના આગમમાં કર્યો. એમની પાસેથી લણવાસુરની ગતિવિધિઓ જાણી લીધી. લવણ બહાર હતો, ત્યારે નગર દ્વારે ઘેરો નાખી દીધો. અસુર પાછો ફર્યો. શત્રુઘ્ન સાથે ભયંકર યુદ્ધ કર્યું. અંતે શત્રુઘ્નના દિવ્ય બાણથી એનો વધ થયો. નગરી ભયમુક્ત બની ગઈ.

શત્રુઘ્નએ નગરીનું નવનિર્માણ કર્યું. કાયાપલટ કરી નાખી. એને બે પુત્રો હતા. સુબાહુ અને શૂરસેન. સુબાહુને રાજય સોંપીને શત્રુઘ્ન પાછો ફર્યો. રસ્તામાં વાલ્મીકીનો આશ્રમ આવ્યો. સીતાના પુત્રો કુશ અને લવ પાસે રામકથાના શ્લોકો સાંભળ્યા અને ખૂબ રાજી થયો.

રામે અશ્વમેઘ યજ્ઞ કર્યો. એ વખતે સેનાનું નેતૃત્વ શત્રુઘ્નને સંભાળ્યું.

અંતે રામને પોતાની જીવનલીલા સંકેલવી હતી. એટણે એણે સરયૂ નદીમાં જળપ્રવેશ કર્યો. શત્રુઘ્નએ પણ તેનું અનુસરણ કર્યું.